



# અનંત પૂજા અને ગણેશ વિસર્જનની ખરેખર વિધિ કઈ છે?



ભાદરવામાં સુદ પક્ષની ચૌદશ તિથિએ 'અનંત ચતુર્દશી'નું પર્વ ઉજવાય છે.

તેને અનંત ચૌદશ પણ કહેવામાં આવે છે.

આ દિવસે ભગવાન વિષ્ણુ, મા લક્ષ્મીની સાથે શેષનાગની પૂજા કરવામાં આવે છે. તેની સાથે જ ગણેશ ઉત્સવનું સમાપન થાય છે. ગણપતિનું વિસર્જન કરવામાં આવે છે.

આ સિવાય આ દિવસે 'અનંત સૂત્ર' બાંધવાની પરંપરા છે. વિષ્ણુજીને આ દોરો અર્પણ કર્યા બાદ પોતાની બાંહો-ભુજામાં બાંધવામાં આવે છે, જેમાં 14 ગાંઠ હોય છે.

આ વર્ષે અનંત ચતુર્દશી તિથિ 25 સપ્ટેમ્બરે છે. ભાદરવા સુદ પક્ષની ચતુર્દશી તિથિ 24 સપ્ટેમ્બરની રાત્રે 11:18 મિનિટે આરંભ થશે, જે 25 સપ્ટેમ્બરની રાત્રે 11:08 મિનિટે સમાપ્ત થશે. એવામાં ઉદયા-ઉદય તિથિના હિસાબે અનંત ચતુર્દશી 25 સપ્ટેમ્બર 2026, શુક્રવારે છે. આ દિવસે ગણેશવિસર્જન પણ કરવામાં આવે છે.

અનંત ચતુર્દશી પૂજા મુહૂર્ત

અનંત ચતુર્દશીનું શુભ મુહૂર્ત 25 સપ્ટેમ્બરે સવારે 6:11 વાગ્યાથી 11:06 વાગ્યા સુધી છે.

બ્રહ્મ મુહૂર્તઃ સવારે 4:35 થી 5:23 વાગ્યા સુધી.

અભિજીત મુહૂર્તઃ સવારે 11:48 થી બપોરે 12:37 વાગ્યા સુધી.

વિજય મુહૂર્તઃ બપોરે 2:13 થી 3:01 વાગ્યા સુધી.

ગોધૂલિ મુહૂર્તઃ સાંજે 6:14 થી 6:38 વાગ્યા સુધી.

રવિ યોગઃ સવારે 6:11 થી 11:22 વાગ્યા સુધી.

અનંત ચતુર્દશીનું મહત્ત્વ

અનંત ચતુર્દશીનો આરંભ મહાભારત કાળથી માનવામાં આવે છે. તેની સાથે જ ભગવાને સૃષ્ટિના આરંભમાં ચૌદ લોકો -તલ, અતલ, વિતલ, સુતલ, તલાતલ, રસાતલ, પાતાળ, ભૂ, ભુવઃ, સ્વઃ, જન, તપ, સત્ય, મહની રચના કરી હતી. તેની સાથે જ તેમના રક્ષણ માટે ચૌદ રૂપોમાં પ્રકટ થયા હતા. જેનાથી તે અનંત નજર લાગતા હતા. તેના કારણે અનંત ચતુર્દશી તિથિએ 14 ગાંઠોવાળો અનંત દોરો ભુજામાં બાંધવામાં આવે છે, જે 14 લોકોને પ્રદર્શિત કરે છે. આ દિવસે વિષ્ણુજીને અનંત દોરો અર્પિત કરવાની સાથે સાથે વિધિવત્ પૂજા કરવાથી અનંત ફળોની પ્રાપ્તિ થાય છે. સુખ-સમૃદ્ધિ, ધન-સંપત્તિની પ્રાપ્તિ થાય છે.

**અનંત ચતુર્દશીમાં ભગવાન શ્રીહરિ વિષ્ણુ, મા લક્ષ્મીજીની સાથે શેષનાગની પૂજા કરવામાં આવે છે... તેની સાથે જ ગણેશ ઉત્સવનું સમાપન થાય છે**

કાળચક્ર

યજ્ઞાનંદ

અનંત પૂજા અને ગણેશવિસર્જનની ખરેખર વિધિ કઈ છે?

* ગણેશવિસર્જન પહેલાં આરતી કરવી. પરિવારનાં બધાં સભ્યોની સાથે ઉપસ્થિત રહેવું. પારંપરિક ગણેશ મંત્ર, આરતી અને પ્રાર્થના કરવામાં આવે છે.

* સવારની આરતીની સાથે ગણપતિવિસર્જનની વિધિ શરૂ કરવી. આરતી કરતી સમયે 'જય ગણેશ'દેવાનો જપ કરવો અને બધા પરિવારનાં સભ્યો વચ્ચે પવિત્ર પ્રસાદ વહેંચવો.

* ભગવાન ગણપતિને પાંચ વસ્તુઓ- તેલનો દીવો, ફૂલ, ધૂપ, સુગંધ અને સારી રીતે તૈયાર વ્યંજન ચઢાવવું.

* ઘરમાંથી નીકળતા પાંચ મિનિટ પહેલાં મૂર્તિને બહુ જ ધીરેથી લગભગ 1 ઈંચ આગળ લેવું. સંક્ષેપમાં તમારે મૂર્તિની સ્થિતિને થોડીક બદલવી પડશે, જે તમારા સ્થળ પર ભગવાનને રોકાણ પૂરું થવાનું પ્રતીક છે.

* પોતાના ઘેર આવવા માટે ભગવાન ગણેશનો આભાર માનવો અને પોતાના હૃદયનો સંદેશ ભગવાન સુધી પહોંચાડવો. તમારા ઘરમાં સુખ, સમૃદ્ધિ અને શુભતા લાવવા માટે તેમનો ધન્યવાદ કરવો. તેની સાથે બધી કઠિનાઈઓને દૂર કરવા માટે પણ તેમનો ધન્યવાદ માનવો.

* ભગવાન પર હળદર અને ચોખા મિશ્રિત કાચા ચોખા છાંટવા. સ્મરણના રૂપે ચમચીથી ગણેશજીને દહીં ખવડાવવું.

* એક લાલ કપડું લેવું. તેમાં સૂકા નાળિયેરમાં ગોળ અને 5 અલગ-અલગ અનાજ (ચોખા) સહિત ભરીને રાખો. તેને ગણેશજીના હાથમાં એક ગાંઠમાં બાંધી દો. તે તેમની યાત્રા માટે તૈયાર ભોજન છે.

* થોડુંક પાણી લેવું અને તેને ગણેશવિસર્જનવાળા વ્યક્તિ પર છાંટવું.

* ગણેશની મૂર્તિને ઉઠાવવી અને તેને ઘરની અંદર ચારે તરફ લઈ જવી. ખાસ કરીને માસ્ટર બેડરૂમ અને રસોઈ ઘરમાં... જેથી તેમની પવિત્ર દૃષ્ટિ અને આશીર્વાદ આખા ઘરમાં પડે.

* 'ગણપતિ બાપ્પા મોરિયા' અને અન્ય ગણેશ નારાઓનો જાપ કરવો. ઘરની બહાર નીકળવું અને વિસર્જન સ્થળ તરફ વધવું.

* એક નાળિયેર લેવું અને તેને મૂર્તિના માથા પર ત્રણ વાર પરિક્રમા કરવી અને નાળિયેરને જમીન પર ફોડીને અલગ રાખવું. તેને પ્રસાદ રૂપે ના લેવું, પરંતુ તેને મૂર્તિની સાથે વિસર્જિત કરવું.

* ત્યાર બાદ તેમને જવા દેતાં પહેલાં એક વાર ફરીથી આરતી કરી લેવી.

* ગણેશવિસર્જન કરનાર વ્યક્તિએ ગણેશ પ્રતિમાની બધી માળાઓ અને અન્ય શણગાર હટાવી લેવો.

* હટાવવામાં આવેલી માળા અને શણગારને નદીમાં ના ફેંકવું. તમે તેને ભેગું કરીને અથવા ઉચિત સ્થળ પર દાન કરી શકો છો.

* હવે ભગવાન ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરવું.

* ભગવાન ગણેશની કૃપા તમારા તથા તમારા પરિવાર પર જળવાઈ રહેશે અને તે બધાં કષ્ટો અને સમસ્યાઓને દૂર કરશે અને તમને શાંતિ, સમૃદ્ધિ અને આરોગ્યના આશીર્વાદ આપશે. આ માટે તમારે ગણેશ ચતુર્થીમાં સિદ્ધ કરેલું 'ગણેશ યંત્ર' રાખીને તેમની કૃપા વધારી શકો છો. કારણ કે તેનાથી તમારા જીવનમાં વિભિન્ન લાભ પ્રાપ્ત થશે.

ગણેશ વિસર્જન બાદ તમારે શું વિસર્જિત કરવું જોઈએ અને શું તમારી સાથે પાછું લઈ જવું જોઈએ?

નિમ્ન ચીજોને વિસર્જિત કરોઃ-

* મુખ્ય મૂર્તિ * કળશ * કળશમાં પાણી * સામગ્રી.

જો તમે આગલા વર્ષે ગણપતિને ઘર લાવવા ઈચ્છતા હો તો શું કરવું? નીચેની ચીજો પાછી લાવવી.

* વિસર્જન સ્થળ પાસેની રેત * નવું નાળિયેર.

* અમે તમને એક સમૃદ્ધ અને પાવન અનંત ચતુર્દશીની કામના કરીએ છીએ.

## શ્રાદ્ધમાં તમારા સર્વ પિતૃઓને મોક્ષ આપવો છે... તો ચાલો...

# દક્ષિણ કાશી ચાણોદ

ભાદરવા સુદ પૂનમ છે. અને શનિવાર આવે છે. આ દિવસથી શ્રાદ્ધ પક્ષ શરૂ થાય છે. કારણ કે જે વ્યક્તિનું મૃત્યુ પૂનમના દિવસે થયું હોય તેમનું શ્રાદ્ધ આ દિવસે થાય છે. ગુજરાતમાં વડોદરા પાસે નર્મદા નદીના કિનારે આવેલું ચાણોદ (ચાંદોદ) ત્રિવેણી સંગમ (નર્મદા, ઓરસંગ અને ગુપ્ત સરસ્વતી) સ્થાન હોવાથી પિતૃકર્મ, અને મોક્ષની વિધિઓ માટે 'દક્ષિણ કાશી' તરીકે વિશેષ મહત્ત્વ ધરાવે છે.

**ચાણોદ ખાતે નારાયણબલિની વિધિનું મહત્ત્વ**

**અકુદરતી મૃત્યુમાંથી મુક્તિ :**

અકસ્માત, ડૂબી જવાથી, આગથી કે આત્મહત્યા જેવા અકુદરતી સંજોગોમાં મૃત્યુ પામેલા વડવાઓ કે સ્વજનોનાં અતૃપ્ત આત્માઓની શાંતિ માટે આ વિધિ અનિવાર્ય માનવામાં આવે છે.

**પિતૃદોષ નિવારણ :**

પારિવારિક અશાંતિ, સંતાન પ્રાપ્તિમાં રુકાવટ, ધંધામાં નુકસાન કે વંશવેલો આગળ ન વધવાના કારણો પાછળ પિતૃદોષ કે પિતૃશાપ (શ્રાપ) હોય... તો ચાણોદના પવિત્ર સંગમ સ્થળે નારાયણ બલિ કરાવવાથી પિતૃદોષમાંથી મુક્તિ મળે છે.

**અતૃપ્ત ઈચ્છાઓની પૂર્તિ :-**

જેમના યોગ્ય સંસ્કાર કે શ્રાદ્ધ વિધિ થઈ ન હોય તેમજ તેમની અધૂરી ઈચ્છાઓ આ વિધિ દ્વારા પૂર્ણ કરી 'આત્માને સદ્દગતિ' અને મોક્ષ અપાય છે.

**સંગમ તીર્થનું પુણ્ય**

ચાણોદના ત્રિવેણી સંગમ અને મા નર્મદાના તટ પર આ વિધિ કરાવવાથી પિતૃઓ તૃપ્ત થાય છે. અને પરિવારને સુખ-શાંતિ મળે છે તથા તેમના પિતૃઓને સદ્દગતિ પ્રાપ્ત થાય છે.

યંત્ર-મંત્ર-તંત્ર

યજ્ઞેશ ત્રિવેદી

**સર્વપિતૃ માટે ચાણોદ શ્રેષ્ઠ સ્થળ**

આ શ્રાદ્ધ પક્ષના 16 દિવસ સુધી દક્ષિણ પ્રયાગ તીર્થ - ચાણોદમાં હજારો ભક્તો - પિતૃદોષ, નારાયણ બલિ, પિતૃ તર્પણ, પંચબલિ, શ્રાદ્ધાદિક કર્મ થશે. રોજ અંદાજે એક હજાર જેટલાં પિતૃને લગતાં કાર્યો થશે. એટલું જ નહીં, દેશ-વિદેશથી ભક્તો શ્રદ્ધા સાથે શ્રાદ્ધ કરવા માટે આવે છે. વિદેશ વસતા લોકો માટે હવે ઓનલાઈન કર્મની નવી પ્રથા પણ આવી છે.



વિદેશમાં રહેતા ભારતીયો કે જેઓ ભાદરવા મહિના દરમિયાન ભારતમાં આવી શકતા નથી તેઓને ઓનલાઈન શ્રાદ્ધ પક્ષમાં પિતૃકર્મ પણ કરાવતા હોય છે. ગૌસેવા, બ્રાહ્મણ ભોજન, દાન-પુણ્ય અને તર્પણ પણ ઓનલાઈન કરાવવાની નવી પ્રથા શરૂ થઈ છે.

---

નારાયણબલિ, ભૂતબલિ, પંચબલિ, નીલ પરણાવવાની વિધિ, પિતૃદોષ, નાગ (સર્પ) દોષ, કાલસર્પ દોષ વગેરે દોષોના નિવારણ માટે વિદ્વાન કર્મકાંડી બ્રાહ્મણ પાસે સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ કરાવવાથી જ પિતૃગણ દોષ મુક્ત થાય છે અને મોક્ષ પ્રાપ્તિના અધિકારી બને છે. આ બધી જ ચાણોદ ખાતે નર્મદાનદીના તટ પર શાસ્ત્રોક્ત રીતે થાય છે જેથી તેમાંય તરત જ છૂટકારો મળી જાય છે!

નારાયણબલિ - એ આપણા પિતૃઓ માટેનું સર્વોત્તમ શ્રેષ્ઠ શ્રાદ્ધ અર્થાત્ એક મહાયજ્ઞ છે.

મૃત્યુ પામેલ વ્યક્તિ દ્વારા જ્યારે કોઈ આપણી કઈ વ્યક્તિને શારીરિક દર્દ અથવા તો કોઈક બીજી ઉપાધિ હોય ત્યારે કોઈ પિતૃ તરફથી આ ઉપાધિ છે - એવું જણાવામાં આવે તો પિતૃઓને ઉદ્દેશીને નારાયણ બલિ કરાય છે. ચાણોદ જેવાં પવિત્ર તીર્થક્ષેત્રમાં જ કરવામાં આવે છે.

કોઈ પણ શ્રાદ્ધક્રિયા કે વિધિ કરાવતાં પહેલાં ગમે તે મીઠાબોલા અને અધૂરા જ્ઞાનવાળા તેમજ દક્ષિણામાં મોઢુંમોટું કરનાર છે કે પછી સાચો જાણકાર છે પછી જ વિધિ કરાવવી. નહીંતર સમય, દક્ષિણા વગેરે પડી જશે અને પરિણામ જોવાં નહીં મળે!!

**ચાણોદ ત્રિવેણી સંગમ (નર્મદા, ઓર સંગ અને ગુપ્ત સરસ્વતી) અને મા નર્મદાના તટ પર આ વિધિ કરાવવાથી પિતૃઓ તૃપ્ત થાય છે... અને પરિવારને સુખ-શાંતિ મળે છે... બીજી તરફ તમારા પિતૃઓને 'સદ્દગતિ' મળે છે... આ જ છે: સંગમ તીર્થનાં પુણ્યનું મહત્ત્વ!**

# શું બધા લોકો પિતૃદોષથી જ પીડાય છે કે પછી થોડાક લોકો? તેની કેવી રીતે ખબર પડે?

**સમસ્યા : શું બધા લોકો પિતૃદોષથી પીડાય છે કે પછી કેટલાક લોકો જ? તેની ખબર કેવી રીતે પડે?**

**(પરેશ પંચોલી, નવાપુર, મહારાષ્ટ્ર)**

**સમાધાન :** પિતૃદોષ છે કે નહીં - તે જાતકની જન્મકુંડળી જોઈને જાણકારી મળી શકે છે. આ સિવાય પ્રશ્ન કુંડળી, મૃત્યુ કુંડળી તેમજ પદ્મચક્રના માધ્યમથી પણ જાણી શકાય છે. પરંતુ સામાન્ય રીતે આ વિધિઓ જાણતી નથી. ખાસ કરીને જન્મ કુંડળી દ્વારા જ પિતૃદોષનો નિર્ણય કરવામાં આવે છે.

'સૂર્ય' - 'આત્મા' તેમજ 'પિતા'નો કારક ગ્રહ છે. પિતાનો વિચાર સૂર્યથી થાય છે.

આ જ પ્રકારે 'ચંદ્ર' - 'મન' તેમજ 'માતા'નો કારક ગ્રહ છે. સૂર્ય જ્યારે રાહુની યુતિમાં હોય ત્યારે 'ગ્રહણયોગ' થાય છે. સૂર્યનું ગ્રહણ એટલે આત્મા... પિતાનું ગ્રહણ થયું. 'સૂર્ય-રાહુ'ની યુતિ 'પિતૃદોષ'નું નિર્માણ કરે છે. સૂર્ય અને ચંદ્ર અલગ-અલગ કે બંનેય રાહુની યુતિમાં હોય તો પિતૃદોષ થાય છે.

શનિ સૂર્ય-પુત્ર છે. પરંતુ તે સૂર્યનો નૈસર્ગિક શત્રુ પણ છે. શનિની સૂર્ય પર દૃષ્ટિ પણ 'પિતૃદોષ' ઉત્પન્ન કરે છે.

આ પિતૃદોષથી જાતકને આધિ, વ્યાધિ અને ઉપાધિ - આ ત્રણેય પ્રકારનું તે કષ્ટ ઉઠાવે છે! તેના પ્રત્યેક કાર્યમાં અડચણ આવે છે. કોઈ પણ કાર્ય સામાન્ય રૂપે નિર્વિઘ્ન સંપન્ન નથી થતું. બીજી તરફ બાહ્યની દૃષ્ટિએ જાતક સુખી દેખાય છે. પરંતુ જાતક આંતરિક રૂપે દુઃખી હોય છે! જીવનમાં કષ્ટ ઉઠાવે છે! કષ્ટ કયા પ્રકારનું હશે? તેનો વિચાર તેમજ નિર્ણય સૂર્ય-રાહુની યુતિ અથવા સૂર્ય-શનિનો દૃષ્ટિ-સંબંધ કે યુતિ - જે ભાવમાં થતી હોય તેના પર નિર્ભર કરે છે.

ઉપરોક્ત આપવામાં આવેલી કુંડળીમાં જુઓ... પિતૃદોષ




પાંચમા ભાવમાં છે. અહીં સૂર્ય, રાહુ તેમજ શનિ - ત્રણેય યુતિમાં છે. 'બુધ'ની આ ગ્રહો સાથે આ ભાવમાં યુતિ પ્રયોજનહીન છે. તેનાથી પિતૃદોષ પર સારો કે ખરાબ... કોઈ પણ પ્રભાવ પડતો નથી. હા... બારમા સ્થાનનો સ્વામી હોવાના કારણે તે પાંચમા ભાવને ખરાબ અવશ્ય કરી રહ્યો છે. આ જાતકને સંતાન પ્રાપ્તિ માટે બાધક બની રહ્યો છે. આ પ્રકારના પિતૃદોષ નિવારણ માટે ' સર્વ પિતૃ મનોકામના સિદ્ધ કુરુ કુરુ સ્વાહા' '' મંત્ર બોલતાં બોલતાં તાંબાના પાત્રમાં પીપળાનાં વૃક્ષ પર જળ અર્પણ કરવું. પીપળાના વૃક્ષની પ્રદક્ષિણા કરવી. ત્યાં દીવો પ્રગટાવવો. પિતૃ સૂક્ત કે વિષ્ણુ સહસ્ર-નામનો પાઠ કરવો.

કુંડળીમાં ચોથો ભાવ, નવમો ભાવ તથા દશમો ભાવમાં સૂર્ય-રાહુ અથવા ચંદ્ર-રાહુની યુતિથી જે પિતૃદોષ ઉત્પન્ન થાય છે - તેને 'શ્રાપિત દોષ' કહે છે. આ પ્રકારે પાંચમા ભાવમાં રાહુ-ગુરુની યુતિથી બનેલો ગુરુ-ચાંડાલ યોગ પણ પ્રબળ પિતૃદોષ કારક હોય છે. સંતાન ભાવમાં આ દોષના કારણે પ્રસવ કષ્ટકારક બને છે!

આઠમા કે બારમા ભાવમાં બેઠેલો ગુરુ પ્રેતાત્માથી પિતૃદોષ કરે છે. જો આ ભાવમાં રાહુ બુધની યુતિમાં હોય; તથા સાતમા, આઠમા ભાવમાં રાહુ અને શુક્ર યુતિમાં હોય ત્યારે પણ પૂર્વજોના હોવાથી પિતૃદોષ થાય છે. જો રાહુ-શુક્રની યુતિ બારમા ભાવમાં હોય તો પિતૃદોષનું કારણ સ્ત્રી જાતકને કારણે હોય છે. તેનું કારણ પણ સ્પષ્ટ છે કે બારમો ભાવ ભોગ તેમ જ શૈય્યા સુખનું સ્થાન છે. એટલે સ્ત્રી-જાતકને દોષ હોવો સ્વાભાવિક છે.

1. જો કુંડળીમાં અષ્ટમેશ રાહુના નક્ષત્રમાં તથા રાહુ અષ્ટમેશનાં નક્ષત્રમાં બેઠેલો હોય તથા લગ્નેશ નબળો તથા પીડિત હોય તો જાતક પિતૃદોષ તેમજ ભૂત-પ્રેત વગેરેથી શીઘ્ર પ્રભાવિત થાય છે.
2. જો જાતકનો જન્મ સૂર્ય-ચંદ્ર ગ્રહણમાં હોય તથા ગ્રહણ થનારાનો સંબંધ જાતકના લગ્ન, છઠ્ઠા કે આઠમા ભાવમાં બની રહ્યો હોય તો એવા જાતક પિતૃદોષ, ભૂત-પ્રેત તેમજ અતૃપ્ત આત્માઓના પ્રભાવથી પીડાય છે. તેને વાઈ, હિસ્ટીરિયા વગેરેના હુમલા થતા રહે છે.
3. જો લગ્નેશ જન્મકુંડળીમાં અથવા નવમાંશ કુંડળીમાં પોતાની નીચ રાશિમાં બેઠેલો હોય તથા રાહુ, શનિ, મંગળના પ્રભાવમાં આવેલો હોય તો જાતક પિતૃદોષ તેમજ અતૃપ્ત આત્માઓનો શિકાર થાય છે.
4. જો જન્મકુંડળીમાં અષ્ટમેશ પાંચમા ભાવમાં તથા પંચમેશ આઠમા ભાવમાં બેઠેલો હોય તથા ચતુર્થેશ છઠ્ઠા ભાવમાં બેઠેલો હોય અને લગ્ન તેમ જ લગ્નેશ પાપકર્તરિ યોગમાં હોય તો એવા જાતક માતૃશાપ તેમજ અતૃપ્ત આત્માઓથી પ્રભાવિત થાય છે.
5. જો ચંદ્ર - જન્મકુંડળી અથવા નવમાંશ કુંડળીમાં પોતાની નીચ રાશિમાં બેઠો હોય તથા ચંદ્ર તેમ જ લગ્નેશનો સંબંધ ક્રૂર તેમ જ પાપ ગ્રહોથી બનતો હોય - તો જાતક પિતૃદોષ, પ્રેતજ્વર તેમ જ અતૃપ્ત આત્માઓથી પ્રભાવિત થાય છે.
6. જો કુંડળીમાં ચંદ્ર તેમ જ શનિની યુતિ હોય અથવા ચંદ્ર શનિના નક્ષત્રમાં; તથા શનિ ચંદ્રના નક્ષત્રમાં બેઠો હોય, તો જાતક ઉપરી હવા, પિતૃદોષ તેમ જ અતૃપ્ત આત્માઓથી શીઘ્ર પ્રભાવિત થાય છે.
7. જો લગ્નેશ જન્મ કુંડળીમાં પોતાની શત્રુ રાશિમાં નિર્બળ તેમ જ દૂષિત થઈને બેઠો હોય તથા ક્રૂર તેમ જ પાપ ગ્રહો સાથે હોય તથા શુભગ્રહોની દૃષ્ટિ લગ્ન ભાવ તેમ જ લગ્નેશ પર પડતી ના હોય - તો જાતક પિતૃદોષ, ઉપરી બાધા તેમજ અતૃપ્ત આત્માઓથી પીડિત થાય છે.
8. જો જાતકનો જન્મ કૃષ્ણ-વદ પક્ષની આઠમથી શુક્લ-સુદ પક્ષની સાતમની વચ્ચે થયો હોય અને ચંદ્ર અસ્ત, નબળો તેમ જ દૂષિત હોય અથવા ચંદ્ર પક્ષબળમાં નબળો હોય; તથા રાહુ-શનિની જોડે હોય તેમ જ નક્ષત્ર પરિવર્તન બની રહ્યું હોય તો જાતક અદૃશ્ય કારણોથી માનસિક બીમારીનો શિકાર થાય છે.

આ સિવાય પણ કુંડળીમાં ઘણા યોગ હોય છે જેના કારણે પિતૃદોષ થાય છે. પિતૃદોષ પણ જાત-જાતના હોય છે. તેમાં પિતૃશાપ, માતૃશાપ, પ્રેતશાપ, વગેરે દોષોના કારણે જાતકને ઘણી કઠિનાઈઓનો સામનો કરવો પડે છે.

**પિતૃ દોષોને સ્થૂળ રૂપે છ ભાગોમાં વર્ગીકૃત કરવામાં આવે છે... પિતૃદોષ, ગોત્ર દોષ, કુળદેવી દોષ, ડાકિની, શાકિની દોષ, પ્રેત દોષ, ક્ષેત્રપાલ દોષ તથા વેતાલ દોષ...**

સમસ્યા અને સમાધાન

વાય.જે.ટી.

જ્યારે પિતૃગણ નારાજ થઈ જાય છે - તો તે શ્રાપ આપે છે. જેથી જાતકનું જીવન નર્ક જેવું થઈ જાય છે. જો પિતા દ્વારા શ્રાપ આપવામાં આવે તો તે 'પિતૃશ્રાપ' કહેવાય છે... અને જો માતા દ્વારા શ્રાપ આપવામાં આવે તો તેને 'માતૃશ્રાપ' કહેવાય છે. આ દોષોની પણ કુંડળીમાંથી જ ખબર પડે છે.

ટૂંકમાં, ગમે તે પિતૃના દોષો હોય - તેમાંથી બહાર નીકળવા માટે હવે શ્રાદ્ધ પક્ષ આવી રહ્યું છે.. તેથી મન મક્કમ કરીને ખૂબ જ શ્રદ્ધા અને વિશ્વાસથી ચાંણોદ નદી કિનારે શ્રદ્ધાંથી જો શ્રાદ્ધ - તર્પણ, પિંડ વગેરે દ્વા પિતૃશાંતિ - નારાયણ બલિ કરવામાં આવે તો તમે પિતૃઓના આશીર્વાદથી દુઃખોમાંથી બહાર આવીને સુખી થઈ જાવ છો. ઘરે મંગળ પ્રસંગો આવે છે.... અટકેલાં કામો પૂરાં થાય છે.... લાંબી બીમારીઓમાં ચમત્કારિક ફાયદો જોવા મળે છે. પરંતુ આ વિધિ તમારે જાણકાર પાસે જ કરાવવી જોઈએ.

# શ્રાદ્ધ પક્ષમાં 16 દિવસ માટે પિતૃલોકમાંથી પિતૃઓ-પૂર્વજો ધરતી પર આવશે

શ્રાદ્ધ પક્ષ (પિતૃ પક્ષ) દરમિયાન પિતૃઓ (પૂર્વજ) પૃથ્વી પર આવે છે.આ 16 દિવસની અવધિ હોય છે, જેમાં લોકો પોતાનાં પૂર્વજોને યાદ કરે છે. આ દરમિયાન પિતૃલોકમાંથી પૂર્વજ ધરતી પર પોતાના પ્રિયજન પાસે આવે છે અને અન્ન-જળની આશા રાખે છે. શ્રાદ્ધ પક્ષ (પિતૃ પક્ષ)માં પિતૃ પોતાનાં વંશજો દ્વારા આપવામાં આવેલ જળ, ભોજન (પિંડદાન) અને તર્પણને ગ્રહણ કરવા માટે પૃથ્વી પર આવે છે.

**પિતૃ પૃથ્વી પર કેમ આવે છે?**

વંશજો પાસે અપેક્ષાઃ પિતૃ આ દરમિયાન પિતૃલોકમાંથી પોતાના પરિવાર પાસે આવે છે, જેથી તે પોતાનાં વંશજો પાસે શ્રદ્ધાપૂર્વક અર્પણ કરેલું ભોજન અને જળ (પાણી) પ્રાપ્ત કરી શકે!

**આશીર્વાદ આપે છેઃ** પૃથ્વી પર આવીને તે પોતાના કુટુંબને સુખ-સમૃદ્ધિ, આરોગ્ય અને વંશવૃદ્ધિનો આશીર્વાદ આપે છે.

ઋણમાંથી મુક્તિઃ આ દિવસોમાં શ્રાદ્ધ કરવાથી પિતૃઓના આત્માને તૃપ્તિ મળે છે અને વંશજોને તેમનું ઋણ ચૂકવવા માટેનો અવસર મળે છે.

**પિતૃઓને કોણ મોકલે છે?**

યમરાજની અનુમતિઃ પૌરાણિક કથાઓ અને માન્યતાઓ અનુસાર પિતૃલોકના સ્વામી યમરાજ (ધર્મરાજ) પિતૃઓને શ્રાદ્ધ પક્ષ દરમિયાન પૃથ્વી પર જવાની અનુમતિ કે મુક્તિ આપે છે, જેથી તે પોતાનાં કૌટુંબિક પરિવારજનોને ત્યાં જઈને તેમના દ્વારા આપેલાં અન્ન-જળને ગ્રહણ કરી શકે.

**26 સપ્ટેમ્બરથી 10 ઑક્ટોબર 2026 દરમિયાન તમારાં પિતૃઓને તર્પણ, પિંડદાન કે નારાયણ બલિ કરીને તેમને 'સદ્ગતિ' અને 'મોક્ષ' આપી શકાય છે; જેથી તેઓ ફરી પાછા પિતૃલોકમાં જાય નહીં અને પૂર્વજ તરીકે મોક્ષ મળે... આટલું કાર્ય જો તમે કરો તો તમામ પિતૃઓ ખુશ થઈને આશીર્વાદ આપે...**



**પિતૃઓ કયા રૂપમાં આવે છે?**

**સૂક્ષ્મ રૂપ કે જીવઃ** પિતૃઓ સીધાં દેખાતાં નથી... પરંતુ તે સૂક્ષ્મ રૂપે કે કાગડો, ગાય, કૂતરા તથા કોઈ અસહાય/ગરીબ વ્યક્તિના રૂપમાં આવીને પોતાના ભાગનું ભોજન ગ્રહણ કરે છે. આ જ કારણે પિતૃ પક્ષમાં કાગડા અને ગાયને ભોજન ખવડાવવાનું વિશેષ મહત્ત્વ છે.

**પિતૃઓને તર્પણ કેવી રીતે આપવું?**

* ભારતીય શાસ્ત્રોમાં એવી માન્યતા છે કે પિતૃગણ પિતૃ પક્ષમાં પૃથ્વી પર આવે છે અને 15 દિવસો સુધી પૃથ્વી પર રહ્યા બાદ પોતાના લોકમાં પાછા ફરે છે. શાસ્ત્રોમાં બતાવ્યું છે કે પિતૃ પક્ષ દરમિયાન પિતૃ પોતાના પરિવારજનોની આસપાસ રહે છે, એટલા માટે આ દિવસોમાં કોઈ પણ એવું કામ નહીં કરવું જેનાથી પિતૃગણ નારાજ થાય.

* બ્રાહ્મણને ભોજન કરાવતા સમયે ભોજનનું પાત્ર બંને હાથથી પકડીને લાવવું જોઈએ, નહીંતર ભોજનનો અંશ રાક્ષસ ગ્રહણ કરી લે છે! જેનાથી બ્રાહ્મણો દ્વારા અન્ન ગ્રહણ કરવા છતાં પણ પિતૃગણ ભોજનનો અંશ ગ્રહણ કરતા નથી!

જડીબુટ્ટી

નજુમી

* પિતૃ પક્ષમાં દ્વાર પર આવનાર કોઈ પણ જીવ-જંતુને મારવું ના જોઈએ પરંતુ તેને યોગ્ય ભોજનનો પ્રબંધ કરવો જોઈએ. દરેક દિવસે ભોજન બનાવ્યા બાદ એક ભાગ કાઢીને ગાય, કૂતરા, કાગડો અથવા બિલાડીને આપવો જોઈએ.

* માન્યતા છે કે તેમને આપેલું ભોજન સીધા પિતૃઓને પ્રાપ્ત થઈ જાય છે. સંધ્યા સમયે ઘરના દ્વાર પર એક દીવો પ્રગટાવીને પિતૃગણનું ધ્યાન કરવું જોઈએ.

* હિંદુ ધર્મ ગ્રંથો અનુસાર જે તિથિએ જે પૂર્વજ ગમન કરે છે તે તિથિએ તેમનું શ્રાદ્ધ કરવું જોઈએ.

* આ પક્ષમાં જે લોકો પોતાનાં પિતૃઓને જળ આપે છે તથા તેમની મૃત્યુતિથિ પર શ્રાદ્ધ કરે છે - તેમનો સમસ્ત મનોરથ પૂર્ણ થાય છે. જે કુટુંબીજનોને મૃત્યુની તિથિ ખબર નથી હોતી - તેમના માટે પિતૃ પક્ષમાં કેટલીક વિશેષ તિથિઓ પણ નિર્ધારિત કરવામાં આવી છે, જે દિવસે તમે પિતૃઓ નિમિત્ત શ્રાદ્ધ કરી શકો છો!

* ભાદરવા કૃષ્ણ વદ પ્રતિપદા-એકમઃ આ તિથિ 'નાના-નાનીના શ્રાદ્ધ માટે' બરાબર બતાવ્યું છે. આ તિથિમાં શ્રાદ્ધ કરવાથી તેમના આત્માને શાંતિ મળે છે. જો નાના-નાનીના પરિવારમાં કોઈ શ્રાદ્ધ કરનાર ના હોય અને તેમનું મૃત્યુ તિથિ યાદ ના હોય, તો તમે આ દિવસે તેમનું શ્રાદ્ધ કરી શકો છો.

* સર્વપિતૃ મોક્ષ અમાસઃ કોઈ કારણસર પિતૃ પક્ષની અન્ય તિથિઓ પર પિતૃઓનું શ્રાદ્ધ કરવાનું ચૂકી ગયા હોય કે પિતૃઓની તિથિ યાદ ના હોય તો આ તિથિ પર બધા પિતૃઓનું શ્રાદ્ધ કરવામાં આવે છે. શાસ્ત્ર અનુસાર આ દિવસે શ્રાદ્ધ કરવાથી કુળના બધા પિતૃઓનું શ્રાદ્ધ થઈ જાય છે.

* એટલું જ નહીં, જેના મર્યા બાદ સંસ્કાર ના થયા હોય - તેમનું પણ અમાસ તિથિમાં જ શ્રાદ્ધ કરવું જોઈએ. બાકી તો જેની જે તિથિ હોય... શ્રાદ્ધ પક્ષમાં તે તિથિ પર શ્રાદ્ધ કરવું જોઈએ, એ યોગ્ય પણ છે.